Friday
02.01.2026
*Volume :10 * Issue No.175
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત

વંદે માતરમ્

RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

KAMALAM

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

Daily

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

## ‘અમદાવાદ ઇન્ટરનેશનલ ફ્લાવર શો-૨૦૨૬’

# ‘ભારત એક ગાથા’ થીમ સાથે ૧૪મા ઈન્ટરનેશનલ ફ્લાવર શૉનો શુભારંભ કરાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ







## ઊર્જામંત્રી ઋષિકેશ પટેલ તેમજ શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલાની પ્રોત્સાહક ઉપસ્થિતિ


- **લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના રાષ્ટ્રીય એકતા માટેના યોગદાનને સન્માન આપતું વિશ્વનું સૌથી મોટું ફૂલ ચિત્ર ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ માટે તૈયાર કરાયું**
- **મુખ્યમંત્રીશ્રીના હસ્તે ‘સ્ત્રી સશક્તીકરણ’ની થીમ પર તૈયાર કરવામાં આવેલ સ્કલ્પચરનું પણ અનાવરણ કરાયું**
- **યુનેસ્કો દ્વારા જાહેર ‘વિશ્વની અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર- દિવાળી’ પર વિશેષ કૃતિ રજૂ કરાઈ**
- **ફૂલ, કળા અને કલ્પનાના સંગમથી ભારતના ઇતિહાસ, સંસ્કૃતિ, સિદ્ધિઓ અને ભાવનાઓને એક જ મંચ પર રજૂ કરાયાં**



## ૨૨ જાન્યુઆરી ૨૦૨૬ સુધી ફ્લાવર શોની મુલાકાત લઈ શકાશે








કમલમ્,

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ‘અમદાવાદ ઈન્ટરનેશનલ ફ્લાવર શૉ ૨૦૨૬’નો શુભારંભ કરાવ્યો હતો. ‘ભારત એક ગાથા’ થીમ પર ઈન્ટરનેશનલ ફ્લાવર શૉની આ ૧૪મી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું છે. ભારતની સમૃદ્ધ, વૈવિધ્યસભર અને ગૌરવસભર સંસ્કૃતિને રજૂ કરતાં આ ભવ્ય ઉત્સવને આગામી તા. ૨૨ જાન્યુઆરી સુધી માણી શકાશે. આ પ્રસંગે ઊર્જામંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ તેમજ શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા પણ ઉપસ્થિત રહ્યાં હતાં. ‘અમદાવાદ ઈન્ટરનેશનલ ફ્લાવર શૉ-૨૦૨૬’ના શુભારંભ બાદ મુખ્યમંત્રી સહિત તમામ ઉપસ્થિત મહેમાનોએ ફ્લાવર શૉનાં વિવિધ ઝોનની મુલાકાત લઈને વિવિધ આકર્ષણો નિહાળ્યા હતા. આ ઉપરાંત, અનેકવિધ ફ્લાવર સ્કલ્પચરને સૌએ બિરદાવ્યા પણ હતા. આ પ્રદર્શનમાં ‘સ્ત્રી સશક્તીકરણ’ની થીમ પર તૈયાર કરવામાં આવેલા સ્કલ્પચરનું પણ મુખ્યમંત્રીશ્રીના હસ્તે અનાવરણ કરાયું હતું. વધુમાં, લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના રાષ્ટ્રીય એકતા માટેના યોગદાનને સન્માન આપતું વિશ્વનું સૌથી મોટું ફૂલ ચિત્ર ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ માટે તૈયાર કરાયું છે.

તદુપરાંત, યુનેસ્કો દ્વારા જાહેર ‘વિશ્વની અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર- દિવાળી’ પર વિશેષ કૃતિ પણ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે. ઉલ્લેખનીય છે કે, પ્રદર્શનના વિવિધ ઝોન ભારતના અલગ-અલગ આયામોને ઉજાગર કરશે. જેમાં પ્રાચીન જ્ઞાન, ઉત્સવોનો ઉલ્લાસ, કલાત્મક તેજસ્વિતા અને આધુનિક વિકાસની ગાથા સામેલ છે. મુલાકાતીઓને એક ઝોનમાંથી બીજા ઝોનમાં આગળ વધવાની સાથે પ્રાચીનથી અર્વાચીન ભારતની સમગ્ર સમયયાત્રાનો અનુભવ થશે. અહીં ‘વિવિધતામાં એકતા’ની ભાવનાને નજીકથી અનુભવી શકશે. વધુમાં, ખાસ ઑડિયો ગાઈડ પણ બનાવવામાં આવ્યા છે. ફ્લાવર શૉમાં વિવિધ સ્થળ પર ક્યૂઆર કોડ સ્કેન કરી ફૂલ, સ્કલ્પચર અને ઝોન વિષેની માહિતી મેળવી શકાશે. આ સિવાય, સોવેનિયર શોપ, નર્સરી, ચાઈલ્ડ કેર યુનિટ ઉપરાંત ફૂડ સ્ટોલ મુલાકાતીઓનાં આકર્ષણનાં કેન્દ્ર બની રહેશે. જન ભાગીદારીથી આયોજિત આ ફ્લાવર શૉમાં ઘણા સ્વતંત્ર કોર્પોરેટ અને સરકારી એકમો આ આયોજનમાં ભાગીદાર બન્યા છે. આ પ્રસંગે અમદાવાદના મેયર સુશ્રી પ્રતિભાબેન જૈન, અમદાવાદના ધારાસભ્યો સવશ્રી અમિત ઠાકર, જીતુભાઈ પટેલ, હર્ષદભાઈ પટેલ ડેપ્યુટી મેયર જતીનભાઈ પટેલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગભાઈ દાણી, મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની, મ્યુનિ. કોર્પોરેશનના હોદ્દેદારો, પદાધિકારીઓ તથા કોર્પોરેટ એકમોના પ્રતિનિધિઓ સહિત બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

**ઇન્ટરનેશનલ ફ્લાવર શો-૨૦૨૬નાં મહત્ત્વનાં આકર્ષણો**

- ભારતની પૌરાણિક ધરોહરને રજૂ કરતો શાશ્વત ભારત ઝોન અને ૩૦ મીટર વ્યાસનું ભવ્ય ફૂલ મંડળ ફ્લાવર શૉના મહત્ત્વનાં આકર્ષણો
- દેશની હાઈ-સ્પીડ રેલ, નવીનીકરણીય ઊર્જા, સ્પોર્ટ્સ ક્ષેત્રની સિદ્ધિઓ, અંતરિક્ષ ટેકનોલોજી અને શિક્ષણ ક્ષેત્રમાં પ્રાપ્ત થયેલી સિદ્ધિઓને ફૂલોના માધ્યમથી રજૂ કરાઈ

વિશ્વકક્ષાનો અમદાવાદ ફ્લાવર શૉ-૨૦૨૬ ભારતીય સંસ્કૃતિ અને પ્રકૃતિની સુંદરતાનો સંગમ રજૂ કરે છે. આ વાર્ષિક રંગોત્સવમાં ભારતભરમાંથી પ્રકૃતિ અને સંસ્કૃતિપ્રેમીઓ મુલાકાત લે છે. એટલું જ નહીં, ફૂલોની ફોરમની સાથે માનવીય કલાકારીગીરીની અગણિત યાદો પણ સાથે લઈને જાય છે. આ ફૂલ મહોત્સવ એક પ્રદર્શન ન રહેતા, પર્યાવરણીય જાગૃતિ અને સસ્ટેનેબિલિટી તેમજ અમદાવાદ શહેરની જૈવવિવિધતા અને ઈકોફ્રેન્ડલી સિસ્ટમને વધુ મજબૂત કરવા માટે પણ પ્રતિબદ્ધ છે. જે નાગરિકોને પણ પર્યાવરણ અંગે જાગૃત કરી, તેમને આ ફ્લાવર શૉમાં સંસ્કૃતિ અને પ્રકૃતિના સંવર્ધન માટે ભાગીદાર બનવા પ્રોત્સાહન પૂરું પાડે છે. ફ્લાવર શોની યાત્રા ભવ્ય પ્રવેશદ્વારથી શરૂ થશે, જ્યાં બે વિશાળ ફૂલોના સિંહો મુલાકાતીઓનું સ્વાગત કરશે. આ સિંહો ભારતની હિંમત, ગૌરવ અને અડગ આત્માનું પ્રતીક બની રહેશે. પ્રવેશ ઝોનમાં કમળના ફાઉન્ટેન દ્વારા રાષ્ટ્રીય ગૌરવને ફૂલોથી સજાવી રજૂ કરવામાં આવશે, જે સમગ્ર પ્રદર્શનના થીમને અનુરૂપ ગૌરવસભર વાતાવરણ સર્જશે. પ્રદર્શનમાં ભારતના વિવિધ ઉત્સવોને સમર્પિત વિશેષ ઝોન પણ તૈયાર કરવામાં આવ્યો છે. અહીં ફૂલકળાના માધ્યમથી દિવાળીના પ્રકાશ અને આશાનો સંદેશ, હોળીના રંગો અને ઉલ્લાસ, ઓણમની પરંપરાગત સૌમ્યતા અને બિહુના લયબદ્ધ ઉત્સવોને જિવંત સ્વરૂપ આપવામાં આવશે. આ ઝોન ભારતની સાંસ્કૃતિક વિવિધતાને ઉજાગર કરી એકતાની ભાવનાને વધુ મજબૂત બનાવશે. તે સાથે જ બાળકો માટે વિશેષ રંગીન અને આનંદમય ઝોન પણ તૈયાર કરવામાં આવ્યો છે, જ્યાં કાર્ટૂન પાત્રો દ્વારા બાળકો માટે મનોરંજન અને કલ્પનાનું વિશ્વ સર્જવામાં આવશે.

ભારતની પૌરાણિક ધરોહરને રજૂ કરતો ‘શાશ્વત ભારત’ ઝોન પણ ફ્લાવર શોનું મુખ્ય આકર્ષણ બનશે. આ આધ્યાત્મિક રીતે સમૃદ્ધ ઝોનમાં સમુદ્ર મંથન, ગીતા સાર, ગોવર્ધન લીલા, ગંગા અવતરણ અને રામસેતુ જેવા પૌરાણિક પ્રસંગોને ફૂલોના શિલ્પો દ્વારા કલાત્મક રીતે પુનઃરચિત કરવામાં આવ્યા છે. જે મુલાકાતીઓને ભારતની પ્રાચીન સાંસ્કૃતિક કથાઓ સાથે જોડે છે. આ સાથે ભારતીય શાસ્ત્રીય અને લોકનૃત્ય પરંપરાઓને સમર્પિત ઝોનમાં કુચિપુડી, ભાંગડા, ગરબા અને કથકલી જેવાં નૃત્ય સ્વરૂપોની સૌમ્યતા રજૂ થશે. આ ઝોનના કેન્દ્રમાં ભગવાન નટરાજની પ્રતિમા ભારતની કલાત્મક સમૃદ્ધિ, પરંપરાની સતતતા અને તાલની સર્વવ્યાપી ભાષાનું પ્રતીક બની રહેશે. આધુનિક ભારતની પ્રગતિને દર્શાવતો ‘ભારતની સિદ્ધિઓ’ ઝોન ફૂલોના માધ્યમથી દેશની હાઈ-સ્પીડ રેલ, નવીવીકરણીય ઊર્જા, સ્પોર્ટ્સ ક્ષેત્રની સિદ્ધિઓ, અંતરિક્ષ ટેકનોલોજી અને શિક્ષણ ક્ષેત્રમાં પ્રાપ્ત થયેલી ઉત્તમતાને રજૂ કરશે. આ ઝોન ભારતના વારસા અને ભવિષ્યમુખી નવીનતાના સંતુલિત વિકાસની શક્તિશાળી ગાથા રજૂ કરશે. પ્રદર્શનનું એક મુખ્ય કેન્દ્રબિંદુ રાષ્ટ્રીય એકતાનું પ્રતીકાત્મક ઝોન રહેશે, જેમાં ૩૦ મીટર વ્યાસનું ભવ્ય ફૂલ મંડળ અને સરદાર વલ્લભભાઈ પટેલનું વિશ્વનું સૌથી મોટું ફૂલ ચિત્ર રજૂ કરવામાં આવશે. ભારતના લોખંડી પુરુષ તરીકે ઓળખાતા સરદાર પટેલના રાષ્ટ્રીય એકતામાં આપેલા યોગદાનને સન્માન આપતું આ પ્રદર્શન ગિનિસ વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કરવા માટે તૈયાર કરવામાં આવ્યું છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફલાવર શો-૨૦૨૬ અંતર્ગત સાબરમતી રિવરફ્રન્ટ પર ઈવેન્ટ ગ્રાઉન્ડમાં ડિસ્પ્લે માટે લગાવવામાં આવેલા સીઝનલ પ્લાન્ટ્સની જાળવણી માટે ટ્રેક્ટર કે પાઈપ જેવી પરંપરાગત વોટરિંગ પદ્ધતિના બદલે ૧૦,૫૨૪ ચો.મીટર એરીયામાં સ્પ્રિંકલિંગ ઈરિગેશન નેટવર્ક સિસ્ટમ લગાવવામાં આવી છે.

**મુલાકાતીઓની સુગમતા માટે ચાર ખાસ પ્રવેશદ્વાર**

- ગેટ નંબર ૧ – ફ્લાવર પાર્ક, એલિસબ્રિજ પાસે, રિવરફ્રન્ટ વેસ્ટ
- મલ્ટિલેવલ કાર પાર્કિંગ ફૂટ ઓવર બ્રિજ ઉપરથી
- ગેટ નંબર ૪ – ઈવેન્ટ સેન્ટર, રિવરફ્રન્ટ વેસ્ટ
- પૂર્વ પ્રવેશ, અટલ બ્રિજનો પૂર્વ છેડો, રિવરફ્રન્ટ પૂર્વ

**ટિકિટના દર તથા સમય**

મુલાકાતીઓ માટે સોમવારથી શુક્રવાર પ્રવેશ દર રૂ. ૮૦/- તથા શનિવાર, રવિવાર તેમજ જાહેર રજાના દિવસે પ્રવેશ દર રૂ. ૧૦૦/- રહેશે. વધુમાં, તમામ પ્રકારના દિવ્યાંગો, સૈનિકો, ૧૨ વર્ષ કે તેનાથી ઓછી ઉંમરનાં બાળકો તથા અ.મ્યુ.કો. હસ્તકની શાળાનાં વિદ્યાર્થીઓ માટે તમામ દિવસોએ નિઃશુલ્ક પ્રવેશ રહેશે. અ.મ્યુ.કો. સિવાયની શાળાઓનાં બાળકો માટે સોમવારથી શુક્રવાર સવારે ૯:૦૦ થી ૧:૦૦ સુધી પ્રવેશ દર રૂ.૧૦/- રહેશે. વધુમાં, મુલાકાતીઓ માટે સવારે ૮ થી ૯ તેમજ રાત્રે ૧૦ થી ૧૧ સુધી પ્રાઈમ ટાઈમ સ્લોટમાં રૂ. ૫૦૦/- પ્રવેશ દર રહેશે.



કમલમ્,
રાજ્યમાં પોલીસ વડા વિકાસ સહાય થયા વય નિવૃત થતા પોલીસ વડા વિકાસ સહાયના સ્થાને રાજ્યમાં નવા ડીજીપી કાર્યકારી તરીકે ડો. કે. લક્ષ્મીનારાણય રાવને જવાબદારી સોંપવામાં આવી.

# આવાસ ક્રાંતિ: રાજ્યમાં ચાલુ વર્ષે ૯૩ હજાર આવાસો સહિત છેલ્લા ત્રણ વર્ષમાં ૨.૫૮ લાખથી વધુ લાભાર્થીઓને મળ્યું ઘરનું ઘર



કમલમ્,
ગ્રામીણ પરિવારોના વિકાસની સાથે સુખાકારી માટે રાજ્ય તથા કેન્દ્ર સરકાર સંકલિત રીતે અનેક જનહિતલક્ષી યોજનાઓ અમલી બનાવીને જરૂરિયાતમંદ નાગરિકો માટે આશીર્વાદરૂપ બની છે. એ જ શ્રેણીમાં 'પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)' PMAY-Gએ ગ્રામીણ વિસ્તારોમાં ગરીબ અને રહેણાંક સુવિધાથી વંચિત પરિવારો માટે પોતાના આવાસનું એટલે કે ઘરના ઘરનું સપનું સાકાર કર્યું છે. જે અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ત્રણ નાણાકીય વર્ષ એટલે કે વર્ષ ૨૦૨૩થી ૨૦૨૫ સુધી ૨.૫૮ લાખથી વધુ આવાસો લાભાર્થીઓ માટે તૈયાર કરવામાં આવ્યા છે, જેમાં ચાલુ નાણાકીય વર્ષે ૯૩ હજારથી વધુ આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે. આમ, આ આવાસો થકી ગ્રામીણ પરિવારોના જીવનસ્તર, આરોગ્ય, સ્વચ્છતા અને સુખાકારીમાં નોંધપાત્ર સુધારો થયો છે. PMAY-G યોજનામાં કેન્દ્રનો ૬૦ ટકા અને રાજ્ય સરકારનો ૪૦ ટકા ફાળો હોય છે. જેમાં લાભાર્થીને આવાસ દીઠ રૂ. ૧.૨૦ લાખની તબક્કાવાર સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત રાજ્ય સરકાર તરફથી આવાસ બાંધકામના રૂફ કાસ્ટ તબક્કે વધારાના રૂ. ૫૦ હજારની સહાય સીધી બેંક ખાતામાં જમા કરવામાં આવે છે. આ રકમ લાભાર્થીને પોતાનું પાકું તથા સુવિધાસભર ઘર બાંધવામાં મદદરૂપ બને છે, આમ રાજ્ય-કેન્દ્ર સરકાર દ્વારા અનેક ગરીબ અને ઘર વિહોણા નાગરિકોને કાચા ઘરમાંથી પાકું ઘર મળી રહ્યું છે. ગ્રામ વિકાસ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા અને રાજ્ય મંત્રી શ્રી સંજયસિંહ મહીડાના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર ગ્રામીણ સ્તરે જમીન વિહોણા નાગરિકોને પણ પોતાનું પાકું ઘર મળે તે માટે સતત પ્રયત્નશીલ છે. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા પાત્રતા ધરાવતા પ્લોટ વિહોણા આશરે ૩ હજાર જેટલા લાભાર્થી કુટુંબોને પ્લોટની ખરીદી માટે દસ્તાવેજની રકમ અથવા રૂ. ૧ લાખ સુધી, બેમાંથી જે ઓછું હોય તે ઉચ્ચક સહાય ચૂકવવા ૧૦૦ ટકા રાજ્ય ફાળા હેઠળ જોગવાઈ કરવામાં આવી છે. PMAY-G યોજના અંતર્ગત તાજેતરમાં નર્મદા ખાતે ભગવાન બિરસા મૂંડાની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે યોજાયેલ કાર્યક્રમમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિશેષ ઉપસ્થિતિમાં રૂ. ૧૦૦૮.૧૯ કરોડના ખર્ચે કુલ ૬૧,૧૨૫ લાભાર્થીઓનો ઈ-ગૃહ પ્રવેશ કરવામાં આવ્યો હતો, જે રાજ્યના ગામડાઓમાં વિકાસ અને આવાસ ક્રાંતિનો ઉત્તમ દાખલો છે. આમ, આ યોજના ગ્રામીણ વિસ્તારના ઘર વિહોણા પરિવારો માટે આશાનો દીપ બની રહી છે અને વિકસિત ભારત @2047માં મહત્વનું યોગદાન આપી રહી છે.

# શિક્ષણમંત્રી તથા સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ડો. પ્રદ્યુમન વાજા કાંકરિયા કાર્નિવલના સમાપન સમારોહમાં ઉપસ્થિત રહ્યા

## મનોરંજન સભર સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ સાથે કાંકરિયા કાર્નિવલનું રંગારંગ સમાપન



કમલમ્,
અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા આયોજિત કાંકરિયા કાર્નિવલ–૨૦૨૫ના અંતિમ દિવસે શિક્ષણમંત્રી તથા સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી ડો. પ્રદ્યુમન વાજાની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં સમાપન સમારોહ યોજાયો હતો. સમાપન સમારોહ અંતર્ગત મંત્રીશ્રી અન્ય ઉપસ્થિત મહાનુભાવો સાથે ભગવાન શ્રી રામની ભવ્ય આરતીમાં સહભાગી થયા હતા. કાર્નિવલની અંતિમ સંધ્યાએ રજૂ થયેલી સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ મંત્રીશ્રીએ નિહાળી હતી. કાંકરિયા કાર્નિવલના સમાપન સમારોહમાં મેયર શ્રી પ્રતિભાબહેન જૈને જણાવ્યું હતું કે કાંકરિયા કાર્નિવલમાં સાત દિવસમાં ૮ લાખથી વધુ નાગરિકોની હાજરી સૂચવે છે કે આ ઉત્સવ અમદાવાદીઓના દિલમાં વસે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી શરૂ થયેલો આ કાર્નિવલ આજે અમદાવાદની સાંસ્કૃતિક ઓળખનું પ્રતીક બન્યો છે. આ આયોજન માત્ર મનોરંજન પૂરતું સીમિત ન રહેતા સ્વચ્છતા, આરોગ્ય અને પર્યટન વિકાસનું ઉત્તમ ઉદાહરણ સાબિત થયું છે. મેયરશ્રીએ કાર્નિવલના સફળ આયોજન માટે મ્યુનિસિપલ કોર્પોરેશનના તમામ વિભાગો તેમજ પોલીસ તંત્રની કામગીરીને બિરદાવી હતી. તેમણે ઉમેર્યું કે, 'લવેબલ અને લિવેબલ' અમદાવાદના સર્વાંગી વિકાસ માટે આ કાર્નિવલ એક મજબૂત માધ્યમ બન્યો છે, જે આગામી વર્ષોમાં વધુ ભવ્ય અને યાદગાર બનતો રહેશે. કાંકરિયા કાર્નિવલ–૨૦૨૫ના સમાપન સમારંભ અંતર્ગત આયોજિત ભવ્ય સંગીત સંધ્યામાં લોકપ્રિય ગાયિકા ઈશાની દવેએ સુમધુર અવાજમાં ગીતો રજૂ કરીને પ્રેક્ષકોનું મનોરંજન કર્યું હતું. આ ઉપરાંત, કલ્પેશ ખારવા દ્વારા લાઈવ સિંગિંગ પર્ફોમન્સ તેમજ ડી.જે અમિત કોચર દ્વારા ડી.જે નાઈટના કાર્યક્રમ સાથે કાંકરિયા કાર્નિવલ–૨૦૨૫નું ઉત્સાહભર્યું અને યાદગાર સમાપન રહ્યું હતું. કાંકરિયા કાર્નિવલના સમાપન સમારોહમાં પૂર્વ ગૃહ રાજ્યમંત્રી શ્રી રજનીભાઈ પટેલ, સ્થાનિક ધારાસભ્ય શ્રી અમૂલભાઈ ભટ્ટ, ડેપ્યુટી મેયર શ્રી જતીનભાઈ પટેલ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવાંગભાઈ દાણી તથા હોદ્દેદારો, વિવિધ કમિટીઓના ચેરમેનશ્રીઓએ અને સભ્યો સહિત સામાજિક અને રાજકીય અગ્રણીઓ, પદાધિકારીઓ, અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં પ્રજાજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સુરેન્દ્રનગર ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગ ટ્રેનર રિફ્રેશર તાલીમ શિબિર સંપન્ન



કમલમ્, સુરેન્દ્રનગર
ગુજરાત સરકાર દ્વારા રાજ્યના નાગરિકોના ઉત્કૃષ્ટ સ્વાસ્થ્ય માટે 'મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય વધતા જતા સ્થૂળતાના પ્રમાણને ઘટાડી લોકોને શારીરિક અને માનસિક રીતે સુદ્રઢ બનાવવાનો છે. આ લક્ષ્યને હાંસલ કરવામાં યોગ એક પાયાની ભૂમિકા ભજવે છે. આ જ ઉમદા હેતુથી ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા યોગના પ્રચાર-પ્રસાર અને યોગ ટ્રેનરોની કાર્યક્ષમતામાં વધારો કરવા માટે સુરેન્દ્રનગરની વન વર્લ્ડ નર્સિંગ કોલેજ ખાતે એક વિશેષ 'રિફ્રેશર તાલીમ' શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ શિબિરમાં જિલ્લાના અનેક યોગ ટ્રેનરોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું સફળ આયોજન ઝોન કો-ઓર્ડિનેટર વંદનાબેન રાજાણી, જિલ્લા કો-ઓર્ડિનેટર મોનિકા ચુડાસમા તથા ગબરુભાઈ ભરવાડ દ્વારા કરવામાં આવ્યું હતું. તાલીમ દરમિયાન ટ્રેનરોને મેદસ્વિતા નિવારણ માટેના ખાસ આસનો, પ્રાણાયામ અને યોગ બોર્ડના નવા અભ્યાસક્રમ અંગે ઊંડાણપૂર્વક સમજણ આપવામાં આવી હતી. આ તાલીમનો મુખ્ય ઉદ્દેશ્ય યોગ ટ્રેનરો પોતાના ક્લાસમાં સાધકોને વધુ વૈજ્ઞાનિક પદ્ધતિથી યોગ શીખવી 'મેદસ્વિતા મુક્ત અભિયાન'ને વેગ આપી શકે તે માટે કૌશલ્ય વર્ધન કરવાનો રહ્યો હતો. આ અવસરે ન્યાયકરણના પ્રિન્સિપાલ શ્રી વિક્રમસિંહ પરમાર, પતંજલિના પ્રભારી શ્રી સી. કે. પરમાર, પતંજલિ કો-ઓર્ડિનેટર શ્રી જાંબા ઝાલા તથા માનવ અધિકાર સંઘના શ્રી હસમુખસિંહ પરમાર, ઓમ શાંતિ પરિવારના કોમલ દીદી, વન વર્લ્ડ કોલેજના પ્રિન્સિપાલ રાજેન્દ્ર સર સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહીને તાલીમ મેળવી રહેલા ટ્રેનરોનો ઉત્સાહ વધાર્યો હતો.

# 'હિમાલયીન સમર્પણ ધ્યાનયોગ'ના પ્રણેતા પૂજ્ય શ્રી શિવકૃપાનંદ સ્વામીજીની વર્લ્ડ મેડિટેશન ફાઉન્ડેશન દ્વારા વર્લ્ડ મેડિટેશન એકસપર્ટ કમિટીમાં નિયુક્તિ

## વર્લ્ડ મેડિટેશન ડે કમિટી અને જુંગટો સોસાયટીએ પૂજ્ય સ્વામીજીને બીજા વર્લ્ડ મેડિટેશન ડે ફોરમમાં આમંત્રિત કર્યા.

કમલમ્,
૨૧ ડિસેમ્બર, ૨૦૨૫ના દિવસને વિશ્વભરમાં 'ધ્યાન દિવસ' તરીકે ઉજવવામાં આવ્યો હતો. વર્લ્ડ મેડિટેશન ફાઉન્ડેશનની આખા વિશ્વની મેડિટેશન એક્સપર્ટ કમિટીમાં ભારત તરફથી હિમાલયીન સમર્પણ ધ્યાનયોગના પ્રણેતા પૂજ્ય શ્રી શિવકૃપાનંદ સ્વામીજીની કમિટી મેમ્બર તરીકે નિયુક્ત કરી છે. પરમ પૂજ્ય સ્વામીજીએ હિમાલયમાં વર્ષો સુધી સાધના કરીને જે જ્ઞાન પામ્યું, તે છેલ્લાં ૩૧ વર્ષથી સમાજમાં ધ્યાન શીખવીને વહેંચી રહ્યા છે. પૂજ્ય સ્વામીજીના જ્ઞાનનું મહત્ત્વ સમજીને, વર્લ્ડ મેડિટેશન ડે કમિટી અને જુંગટો સોસાયટીએ પૂજ્ય સ્વામીજીને બીજા વર્લ્ડ મેડિટેશન ડે ફોરમમાં એક પ્રતિષ્ઠિત વકતા તરીકે આમંત્રણ આપ્યું છે. આ કાર્યક્રમ ૨૦ અને ૨૧ માર્ચ, ૨૦૨૬ના રોજ દક્ષિણ કોરિયાના સિઓલમાં જુંગટો સોશિયલ એન્ડ કલ્ચરલ સેન્ટર ખાતે યોજાશે. ગંભીર વૈશ્વિક પડકારોના આ યુગમાં, આ ફોરમ વિજ્ઞાન અને આધ્યાત્મિકતા વચ્ચેના અંતરને દૂર કરીને એકીકૃત મેડિટેશન ઈકોસિસ્ટમનો પાયો નાખવાનું લક્ષ્ય રાખે છે. આ ઐતિહાસિક સંમેલનમાં વિશ્વભરના આદરણીય ધ્યાનગુરુઓ, અગ્રણી વૈજ્ઞાનિકો અને આદરણીય સાધકો પણ સામેલ થશે. તેમાં વિશ્વભરથી આવેલા લોકો દ્વારા ભાષણો, પેનલ ચર્ચા અને ઈન્ટરેક્ટિવ વર્કશોપની શ્રેણી રજૂ કરવામાં આવશે. વર્તમાનમાં, હિમાલયીન સમર્પણ ધ્યાનયોગ દ્વારા ૭૨ દેશોના લોકો આધ્યાત્મિક અને સર્વાંગીણ પ્રગતિ કરીરહ્યા છે. ત્યારે ભારતવતી પૂજ્ય શ્રી શિવકૃપાનંદ સ્વામીજીને આ સન્માન મળવું એ ખૂબ જ ગૌરવની વાત છે. 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવનાને સાકાર કરવા અને ધ્યાનને વિશ્વભરમાં ફેલાવવા માટે પૂજ્ય સ્વામીજીએ જે પ્રયાસ કર્યા છે, તે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આ કાર્યક્રમમાં પૂજ્ય સ્વામીજીનું જ્ઞાન માનવજાતિ માટે ચોક્કસ નિર્ણયો લેવામાં ફોરમને મદદરૂપ સાબિત થશે.



વર્લ્ડ મેડિટેશન ફાઉન્ડેશનના પ્રયાસને લીધે યૂનેસ્કોએ વિશ્વ ધ્યાન દિવસની ઘોષણા કરી હતી.

# જૂનાગઢમાં વિદ્યાર્થીઓમાં ગ્રાહક અધિકારી અને સાયબર સુરક્ષા પ્રત્યે જાગૃતિ લાવવા માટે વિશેષ કાર્યક્રમ યોજાયો



ગ્રાહકો સાથે થતી છેતરપિંડીના નિવારણ માટે કાયદાકીય પાસાઓ વિશે માર્ગદર્શન અપાયું

કમલમ્, જૂનાગઢ
જૂનાગઢની ખ્યાતનામ અને ઐતિહાસિક શૈક્ષણિક સંસ્થા બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ ખાતે કવચ કેન્દ્ર સાયબર સેલ અને અખિલ ભારતીય ગ્રાહક પંચાયતના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓમાં ગ્રાહક અધિકારી અને સાયબર સુરક્ષા પ્રત્યે જાગૃતિ લાવવા માટે એક વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે અખિલ ભારતીય ગ્રાહક પંચાયતના ત્રણ જિલ્લાના પ્રભારી શ્રી દેવાંગભાઈ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે વર્તમાન સમયમાં ગ્રાહકો સાથે થતી છેતરપિંડી અને તેના નિવારણ માટેના કાયદાકીય પાસાઓ પર સચોટ માર્ગદર્શન પુરું પાડયું હતું. આ પ્રસંગે કાર્યક્રમના સંયોજક ભાવનાબેન, ડૉ. પી. વી.બારસીયા, ડો. રતિલાલ કાલરીયા અને ડો. ચંદ્રકાંત વણકર પણ ખાસ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે કોલેજના પ્રિન્સીપાલ શ્રી જે. આર. વાંઝાએ પોતાના પ્રાસંગિક સંબોધન કરતા જણાવ્યું હતું કે, શિક્ષિત યુવા વર્ગ જો જાગૃત હશે તો જ સમાજમાં ગ્રાહકોનું શોષણ અટકાવી શકાશે. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સાયબર સેલ કવચ કેન્દ્રના અધ્યક્ષ ડો. જીગ્નેશ કાચા દ્વારા કરવામાં આવ્યું હતું.

જેમાં તેમણે ડિજિટલ યુગમાં સાયબર ક્રાઈમથી બચવા માટેના ઉપાયોની ચર્ચા કરી હતી, કાર્યક્રમના અંતે ઈતિહાસ વિભાગના અધ્યક્ષ ડૉ. ભરત રાઠોડે આભાર વિધિ કરી હતી. આ કાર્યક્રમમાં કોલેજના તમામ વિભાગના અધ્યાપકગણ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા. આ સમગ્ર કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શક અને વિચારપ્રેરક સાબિત થયો હતો.

# ૩૯ વર્ષોની સરકારી સેવા બાદ વયનિવૃત થતા માહિતી ખાતાના નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી કિર્તનભાઈ શાહને અપાયું નિવૃત્તિ વિદાયમાન



કમલમ્, વડોદરા
રાજય સરકારના માહિતી અને પ્રસારણ વિભાગના મધ્ય ગુજરાત ઝોન હસ્તકની નડિયાદ કચેરી ખાતે નાયબ કાર્યપાલક ઈજનેર તરીકે ફરજ બજાવતા શ્રી કિર્તનભાઈ એસ. શાહની વયનિવૃત્તિ નિમિત્તો વડોદરા ખાતે સ્નેહમિલન તથા નિવૃતિ વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંયુકત માહિતી નિયામક શ્રી હેતલ દવે, પૂર્વ સંયુક્ત માહિતી નિયામક શ્રી મહેશચંદ્ર કટારા, નાયબ માહિતી નિયામક શ્રી બાબુભાઈ દેસાઈ, શ્રી કિર્તનભાઈના ધર્મપત્ની શ્રીમતી સુચિતાબેન શાહ તથા પરિવારજનો, તેમજ વડોદરા જિલ્લા અને ઝોન કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ શ્રી કિર્તનભાઈની માહિતી ખાતાની કુલ ૩૮ વર્ષ ૧૧ મહિનાની દીર્ઘ અને નિષ્ઠાવાન સેવાકાળને બિરદાવતા તેઓની કામગીરીની સરાહના કરી, તેમની સાથે વિતાવેલા યાદગાર સ્મરણોને વાગોળ્યા હતા. આ સાથે સૌએ તેઓને સ્તિમૃભેટ અર્પણ કરી સ્વસ્થ અને પ્રવૃતિમય નિવૃત જીવન માટે શુભેચ્છાઓ પણ પાઠવી હતી. નિવૃત્તિ સમારોહ દરમિયાન શ્રી કિર્તનભાઈએ પોતાના અનુભવ વહેંચતાં "આજીવન વિદ્યાર્થી બની સતત શીખતા રહેવું જોઈએ, અને બદલાતા સમય સાથે પોતાને અપડેટ રાખવું અત્યંત જરૂરી છે" એમ નિખાલસભાવે જણાવ્યું હતું. તેમણે માહિતી ખાતામાં વિવિધ જિલ્લાઓમાં કરેલી કામગીરી દરમિયાન સહકર્મચારીઓ અને અધિકારીઓના મળેલા સહયોગ બદલ ભાવભર્યો આભાર વ્યક્ત કર્યો હતો. સમારોહ અંતે ઉપસ્થિત સૌએ કિર્તનભાઈના આરોગ્યમય, સુખમય અને સક્રિય નિવૃત્ત જીવન માટે શુભેચ્છાઓ પાઠવી ભાવભર્યું વિદાયમાન આપ્યું હતું. વડોદરા સ્થિત પ્રાદેશિક કચેરી ખાતે યોજાયેલા વિદાય સમારોહનું સંચાલન ADI શ્રી મનોજ ખેંગાર કર્યું હતું. કાર્યક્રમમાં છોટાઉદેપુરના છઈ સુશ્રી માર્ગી રાજપૂત, નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી સુશિલ ક્રિશ્ચિયન ઉપરાંત કચેરીના ફરજરત તથા નિવૃત્ત અધિકારી, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતના ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સાયબર હુમલાઓ સામે સજ્જ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા કોર કમિટી અને ટાસ્કફોર્સની રચના

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને ઊર્જા મંત્રી શ્રી ઋષિકેશ પટેલના નેતૃત્વમાં રાજ્યના ઊર્જાઈન્ફ્રાસ્ટ્રક્ચરને સાયબર હુમલાઓ સામે સજ્જ કરવા માટે કોર કમિટી અને ટાસ્કફોર્સની રચના કરવામાં આવી છે.

આ કોર કમિટી અને ટાસ્કફોર્સ રાજ્યના ઊર્જા ક્ષેત્રમાં સાયબર સુરક્ષા અંગે જરૂરી કામગીરી, તાલીમ, વિવિધ સંસ્થાઓની ભાગીદારી અને સાયબર જાગરૂકતા કાર્યક્રમો અંગે સમીક્ષા કરીને રોડમેપ રજૂ કરશે. રાજ્યની ૨૪ કલાક વીજપુરવઠાની વ્યવસ્થામાં હવે સ્માર્ટ મીટર, સ્માર્ટ ગ્રીડ અને SCADA જેવી આધુનિક પ્રણાલીઓ સામેલ કરવામા આવી હોવાથી, ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સાયબર હુમલાઓની સંભાવના વધી જાય છે. તેને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર તરફથી ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ (EPD) દ્વારા ૧૧ સભ્યોની કોર કમિટી અને ૧૯ સભ્યોની ટાસ્કફોર્સની રચના કરવામાં આવી છે. આ કમિટી અને ટાસ્કફોર્સ ઊર્જા ક્ષેત્રના મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે IT અને સાયબર સુરક્ષાને લગતી વ્યવસ્થાઓ, સાયબર સુરક્ષા નીતિ અને તેની ઘટનાઓના વ્યવસ્થાપન અંગેની તૈયારીઓની સમીક્ષા કરશે. તે સિવાય તેમાં જરૂરી સુધારા અને સાયબર સિક્યોરિટી પ્રણાલીનું નિર્માણ કરવા માટે એક રોડમેપ પણ રજૂ કરશે.

તેના માટે શૈક્ષણિક સંસ્થાઓ તેમજ આ ક્ષેત્રના નિષ્ણાતો સાથે ભાગીદારી પણ કરવામાં આવશે અને સાયબર ડ્રિલ અને તાલીમ સાથે જાગરૂકતા કાર્યક્રમો તેમજ રાષ્ટ્રીય અને રાજ્યની એજન્સીઓ સાથે સંકલન કરવામાં આવશે.

રાજ્યના ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સાયબર હુમલાઓ સામે જડબેસલાક બનાવવા માટે એક મજબૂત અને સુવ્યવસ્થિત પ્રણાલી વિકસિત કરવાના ઉદ્દેશ સાથે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની વનવાસી વિદ્યાર્થીઓ પ્રત્યે અનોખી સંવેદના

## ખાસ સમય ફાળવીને ડાંગના વનવાસી બાળકો સાથે સંવાદ-મુલાકાત કરી





કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વનવાસી વિદ્યાર્થીઓ પ્રત્યે સંવેદના દાખવીને ડાંગના બાળકો સાથે ખાસ સમય ફાળવીને ગાંધીનગરમાં મુલાકાત કરી હતી. ડાંગ જિલ્લાના માલેગામની શાળાના શિક્ષકો સહિત ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓ શૈક્ષણિક પ્રવાસ દરમિયાન ગાંધીનગર આવ્યા હતા ત્યારે મુખ્યમંત્રીશ્રી સાથેની તેમની આ સહજ મુલાકાત આદિજાતિ વિદ્યાર્થીઓ માટે યાદગારસંભારણુંબનીહતી. મુખ્યમંત્રીશ્રીએ આ બાળકો પાસેથી તેમને અભ્યાસ માટે મળી રહેલી અદ્યતન સુવિધાઓની વિગતો પણ જાણી હતી. સાંસદ શ્રી ગોવિંદભાઈ ધોળકીયાના ટ્રસ્ટીપણા હેઠળ સંચાલિત પ્રયોશા પ્રતિષ્ઠાન દ્વારા ડાંગ જિલ્લાના માલેગામમાં વનવાસી વિદ્યાર્થીઓ માટે સર્વાંગી શિક્ષણ અને વિકાસનો અનોખો સેવાયજ્ઞ ચાલે છે. પ્રયોશા પ્રતિષ્ઠાન દ્વારા ૨૦૦૨થી શરૂ થયેલા સંતોકબા ધોળકીયા વિદ્યામંદિરમાં ડાંગ જિલ્લાના ૧૪૨ અંતરિયાળ ગામોના ૪૦૦થી વધુ બાળકો આ નિવાસી શાળામાં અભ્યાસનો લાભ મેળવી રહ્યાં છે. આ શાળામાં ભણીને આ વર્ષે ૧ વિદ્યાર્થી આઈ.આઈ.ટી દિલ્હીમાં અને ૨ વિદ્યાર્થીઓ આઈ.આઈ.ટી રૂડકી અને ગોવામાં છે. અગાઉ ૧૮૨ એન્જિનીયર્સ, ૨૨ ડોક્ટર્સ, ૩૬ શિક્ષકો અને ૬૫ જેટલા વિદ્યાર્થીઓએ પેરામેડિકલ અભ્યાસનો લાભ મેળવ્યો છે તેની વિગતોથી પણ મુખ્યમંત્રીશ્રી પ્રભાવિત થયા હતા. આ પ્રસંગે કેબિનેટ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, સંસ્થાના અગ્રણી શ્રી પી. પી. સ્વામી તથા શાળાના શિક્ષકો ઉપસ્થિત રહ્યાં હતાં.

# રાજ્યના જિલ્લાઓના ગ્રામીણ વિસ્તારોના સર્વગ્રાહી વિકાસ માટેમુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો મહત્વપૂર્ણ નિર્ણય

**૩૪ જિલ્લાઓની જિલ્લા પંચાયતોના પ્રમુખોને ૧ કરોડ રૂપિયાની વાર્ષિક વિવેકાધીન ગ્રાન્ટ સ્થાનિક વિસ્તારના અગત્યતા ધરાવતા કામો માટે ફાળવાશે**



કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના જિલ્લાઓના ગ્રામ્ય વિસ્તારોના સર્વગ્રાહી અને સર્વસમાવેશી વિકાસ માટે મહત્વપૂર્ણ જનહિતલક્ષીનિર્ણય કર્યો છે. આ હેતુસર મુખ્યમંત્રીશ્રીએ રાજ્યની બધી જ ૩૪ જિલ્લા પંચાયતોના પ્રમુખશ્રીઓને રૂ. ૧ કરોડની વિવેકાધીન ગ્રાન્ટ જે-તે જિલ્લાના સ્થાનિક અગત્યતા ધરાવતા વિકાસ કામો માટે ફાળવવાના દિશાનિર્દેશો આપ્યાં છે. રાજ્યમાં ધારાસભ્યશ્રીઓને વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ અંતર્ગત વિકાસ કામો માટે ૨.૫ કરોડ રકમની ગ્રાન્ટ ફાળવવાની પ્રથા પ્રવર્તમાન છે. મુખ્યમંત્રીશ્રી સમક્ષ જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીઓએ પોતાના જિલ્લામાં ગ્રામીણ વિકાસ કામોને વેગ મળે અને સ્થાનિક અગત્યતા ધરાવતા કામોને પ્રાથમિકતા આપી શકાય તેવા આશયે જિલ્લા પંચાયતના પ્રમુખોને પણ વિવેકાધીન ગ્રાન્ટ ફાળવવાની રજૂઆતો કરી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ રજૂઆતોનો સકારાત્મક અને ત્વરિત પ્રતિસાદ આપતા આ રૂપિયા એક કરોડની વિવેકાધીન ગ્રાન્ટ જિલ્લા પંચાયત પ્રમુખને ફાળવવાના આદેશો સામાન્ય વહીવટ વિભાગને આપ્યા છે.

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના '૫ ટ્રિલિયન ઈકોનોમી'ના સ્વપ્નને સાકાર કરવામાં ગુજરાત બનશે પથદર્શક



મુખ્યમંત્રીશ્રીએ કેબિનેટ બેઠકમાં જિલ્લાવાર GDP (District GDP) વૃદ્ધિ માટે ઉચ્ચ સનદી અધિકારીઓને આપ્યું માર્ગદર્શનઃ પ્રવક્તા મંત્રીશ્રી

**ગુજરાતના તમામ જિલ્લાઓનો સમાન આર્થિક વિકાસ સુનિશ્ચિત કરી રાજ્યનો GDP દર વધારવાની દિશામાં કાર્ય કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સૂચનાઃ પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી**

કમલમ્,

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા અને '૫ ટ્રિલિયન ઈકોનોમી' બનાવવાનું જે લક્ષ્ય નિર્ધારિત કર્યું છે, તેને સાકાર કરવામાં ગુજરાત અગ્રેસર ભૂમિકા ભજવશે. આ દિશામાં એક મહત્વપૂર્ણ કદમ ઉઠાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના તમામ જિલ્લાઓના GDP દરમાં વૃદ્ધિ કરીને સમગ્ર રાજ્યનો આર્થિક વિકાસ દર વધારવાનો મક્કમ નિર્ધાર કર્યો છે. આજે ગાંધીનગર ખાતે મળેલી કેબિનેટ બેઠક બાદ રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ પત્રકાર પરિષદને સંબોધતા આ માહિતી આપી હતી. મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં લેવાયેલા શ્રેણીબદ્ધ આર્થિક સુધારાઓને પરિણામે ભારતના GDP દરમાં ઉત્તરોત્તર વધારો અને મોંઘવારી દરમાં ઘટાડો થઈ રહ્યો છે. દેશની અર્થવ્યવસ્થામાં ગુજરાત હંમેશા ગ્રોથ એન્જિન રહ્યું છે, ત્યારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આજે કેબિનેટ બેઠકમાં રાજ્યના સર્વાંગી અને સમાન આર્થિક વિકાસ માટે એક નવો રોડમેપ રજૂ કર્યો છે. કેબિનેટ બેઠકની વિગતો આપતા મંત્રીશ્રીએ ઉમેર્યું કે, મુખ્યમંત્રીશ્રીએ બેઠકમાં અવલોકન કર્યું છે કે રાજ્યના કેટલાક જિલ્લાઓ આર્થિક રીતે ખૂબ પ્રગતિશીલ છે, જ્યારે અમુક જિલ્લાઓમાં હજુ પણ વિકાસની વિપુલ સંભાવનાઓ રહેલી છે. મુખ્યમંત્રીશ્રીએ મુખ્ય સચિવશ્રી સહિતના તમામ ઉચ્ચ સનદી અધિકારીઓને સૂચના આપી છે કે, દરેક જિલ્લાની આગવી વિશેષતા અને ત્યાં રહેલી વિકાસની સંભાવનાઓને ઓળખીને તે મુજબનો એક્શન પ્લાન તૈયાર કરીને જે જિલ્લાઓનો GDP દર ઓછો છે, ત્યાં આર્થિક ગતિવિધિઓ વધારીને તેમને મુખ્ય પ્રવાહમાં લાવવાની કામગીરી હાથ ધરવામાં આવે. મંત્રીશ્રીએ અંતમાં વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, રાજ્ય સરકારના આસુદ્રઢ આયોજન અને જિલ્લા સ્તરે આર્થિક સશક્તિકરણ ના કારણે ગુજરાત વડાપ્રધાનશ્રીના 'વિકસિત ભારત @ 2047'ના વિઝનને પૂર્ણ કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

# ગુજરાતમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત આગામી પાંચ વર્ષમાં ૫ લાખથી વધુ આવાસોનું નિર્માણ કરવાનો રાજ્ય સરકારનો લક્ષ્યાંક

**આ લક્ષ્યાંકને હાંસલ કરવા અત્યારથી જ જરૂરી તમામ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નિર્દેશ આપ્યોઃ પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી**



કમલમ્,

ગાંધીનગર ખાતે મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠક બાદ પ્રવકતા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ''હર સર કો છત''ના કાર્ય મંત્ર સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ સમગ્ર દેશમાં આગામી પાંચ વર્ષ દરમિયાન એક કરોડથી વધુ આવાસ બનાવવાનો મક્કમ નિર્ધાર કર્યો છે. જે અંતર્ગત ગુજરાત પણ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ આગામી પાંચ વર્ષમાં આશરે ૫.૫૦ લાખથી વધુ આવાસોનું નિર્માણ કરવાનો રાજ્ય સરકારે લક્ષ્ય નિર્ધારિત કર્યો છે. આ આવાસોના નિર્માણથી ગુજરાતના લાખો ગરીબ પરિવારોને પાકા આવાસ મળશે. આગામી પાંચ વર્ષમાં આવાસ નિર્માણના આ લક્ષ્યને પૂર્ણ કરવા માટે મુખ્યમંત્રીશ્રીએ અત્યારથી જ જમીન સહિતની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરીને વિવિધ કામગીરી હાથ ધરવા માટે રાજ્યના વહીવટી તંત્રને કેબિનેટ બેઠકમાં આદેશો આપ્યા છે, તેમ પ્રવક્તા મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

# નવા વર્ષમાં સાયબર ફ્રોડથી સચેત રહેવા રાજ્ય સરકારની નાગરિકોને અપીલ સાયબર ગુનાઓ સામે સાવચેતી એ જ સૌથી મોટું શસ્ત્રઃ પ્રવકતા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી

**ટેક્નોલોજીના માધ્યમથી નાગરીકોને સુરક્ષા આપવા સાયબર ક્રાઈમ ટીમ 24x7 કાર્યરત**

**આકસ્મિક રીતે કોઈ નાગરિક જો સાયબર ફ્રોડનો ભોગ બને તો તુરંત ૧૯૩૦ નંબર પર ફરિયાદ નોંધાવવી**



કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં સાયબર ફ્રોડ અંગે ગંભીરતા પૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. ડિજિટલ યુગમાં ટેકનોલોજીના માધ્યમથી આચરવામાં આવતા આવા ગંભીર ગુનાઓ સામે સાવચેતી એ જ સૌથી મોટું શસ્ત્ર છે, તેમ પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું. નવા વર્ષના હર્ષોલ્લાસ વચ્ચે રાજ્યના નાગરિકો ડિજિટલ છેતરપિંડીનો ભોગ ન બને તે માટે સચેત રહેવા રાજ્ય સરકાર વતી પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ નાગરીકોને અપીલ કરી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ કોઈપણ પ્રકારના સાયબર ફ્રોડથી નાગરિકોને બચવવા સાયબર ક્રાઈમ ટીમ 24x7 કાર્યરત છે. સરકાર ટેકનોલોજીના માધ્યમથી તમામ નાગરીકોને સુરક્ષા પૂરી પાડી રહી છે, પરંતુ નાગરિકોએ પણ તકેદારી રાખવી જરૂરી છે. જો કોઈ નાગરિક આકસ્મિક રીતે સાયબર ફ્રોડનો ભોગ બને, તો વિલંબ કર્યા વગર તુરંત ૧૯૩૦ નંબર પર કોલ કરીને પોતાની ફરિયાદ નોંધાવવાથી સાયબર ફ્રોડને અટકાવી શકાય છે. પ્રવક્તા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક દિવસોથી વોટ્સએપ અને અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર શંકાસ્પદ લિંક્સ ફરતી થઈ છે. જેમાં તમારા નામનું સ્પેશિયલ કાર્ડ જુઓ અથવા ફ્રી ગિફ્ટ મેળવવા લિંક ખોલો જેવા આકર્ષક મેસેજ વાસ્તવમાં સાયબર ક્રિમિનલ્સની જાળ હોઈ શકે છે. આવી કોઈપણ પ્રકારની લિંક ન ખોલવા નાગરીકોને અનુરોધ છે. આ પ્રકારનીઅજાણી લિંકપર ક્લિક કરવાથી ફોનમાં વાયરસયુક્ત ફાઈલ ડાઉનલોડ થઈ શકે છે. આ વાયરસ તમારા સ્માર્ટફોનનો સંપૂર્ણ કંટ્રોલ હેકર્સને આપી દે છે. તમારી એક નાની ભૂલના કારણે બેંક એકાઉન્ટની વિગતો, OTP, ખાનગી ફોટા અને અંગત માહિતી જોખમમાં મુકાઈ શકે છે. જેથી, સોશિયલ મીડિયાનો ઉપયોગ કરતી વખતે પણ સાવચેતી રાખવી અનિવાર્ય છે. કોઈપણ પ્રકારના સાયબર ફ્રોડથી બચવા માટે શુભેચ્છાઓ પાઠવવા માટે માત્ર સાદા ટેક્સ્ટ મેસેજ, ફોટા કે વિડીયોનો જ આગ્રહ રાખવો. કોઈ પણ શંકાસ્પદ લિંક પર ક્લિક ન કરવું અને કોઈપણ થર્ડ પાર્ટી એપ્લિકેશન 'ઈન્સ્ટોલ' કે 'અપડેટ' નહીં કરવી. તદુપરાંત, અજાણ્યા સ્રોત દ્વારા મોકલવામાં આવેલી કોઈપણ ફાઈલ ડાઉનલોડ કરવી નહીં, તેમ તેમણે ઉમેર્યું હતું.

# ગુજરાતમાં ૦૯ નવી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો(DCCB)ની રચના થશે

**મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કેબિનેટ બેઠકમાં બેંકની રચના માટે સૈદ્ધાંતિક મંજૂરી આપીઃ પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી**



દાહોદ, અરવલ્લી, તાપી, છોટાઉદેપુર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, આણંદ, ડાંગ અને નવસારીમાં DCCBની રચના થશે

કમલમ્,

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં રાજ્ય મંત્રીમંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણય અંગે પ્રેસ-મીડિયાને માહિતી આપતા પ્રવકતા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૦૯ નવી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની રચનાને આજે કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રીશ્રીએ સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ અંગે વિગતવાર માહિતી આપતા પ્રવક્તા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના તમામ જિલ્લાઓમાં ગ્રામ્ય સહકારી બેંકોનો વ્યાપ વધારવાનો મક્કમ નિર્ધાર કર્યો છે. જેને પરિપૂર્ણ કરવા માટે કેન્દ્રીય સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વ હેઠળ ભારતના સહકારિતા મંત્રાલય દ્વારા એક વિશેષ પહેલ કરવામાં આવી છે. આ પહેલના ભાગરૂપે નાબાર્ડ દ્વારા દેશના કેટલાક જિલ્લામાં નવી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની રચના કરવા માટે સહકારિતા મંત્રાલયને એપ્રોચનોટ રજૂ કરવામાં આવી હતી. આ નોટમાં ગુજરાતમાં પણ નવી ૦૯ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની રચના કરવા માટે એપ્રોચ કરવામાં આવ્યો હતો, તેમ તેમણે ઉમેર્યું હતું. મંત્રી શ્રી વાઘાણીએ કહ્યું હતું કે, ભારત સરકારના દિશાનિર્દેશ હેઠળ આજે કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યમાં ખેડૂતો અને ગ્રામીણ નાગરિકોની સુવિધામાં વધારો કરવા માટે આ નવી ૦૯ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની રચના કરવા માટે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ નિર્ણયથી છેવાડાના ખેડૂતોને ધિરાણ મેળવવામાં સરળતા રહેશે અને ગ્રામીણ અર્થતંત્રને વેગ મળશે. રાજ્યની વર્તમાન સહકારી બેંકોના વિભાજનથી નવી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની રચના થશે. જેમાં, પંચમહાલ બેંકના વિભાજનથી દાહોદ જિલ્લામાં, સાબરકાંઠા બેંકના વિભાજનથી અરવલ્લી જિલ્લામાં, સુરત બેંકના વિભાજનથી તાપી જિલ્લામાં, વડોદરા બેંકના વિભાજનથી છોટાઉદેપુર જિલ્લામાં, જામનગર બેંકના વિભાજનથી દેવભૂમિ દ્વારકા જિલ્લામાં, જૂનાગઢ બેંકના વિભાજનથી પોરબંદર જિલ્લામાં, ખેડા બેંકના વિભાજનથી આણંદ જિલ્લામાં તેમજ વલસાડ બેંકના વિભાજનથી ડાંગ અને નવસારી જિલ્લામાં નવી બેંકોની રચના થશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું. બેંકોની રચના માટે રાજ્ય સરકાર હવે નાબાર્ડ મારફતે ભારતીય રિઝર્વ બેંક (RBI) ને આ અંગેની દરખાસ્ત મોકલશે અને આગળની કાયદેસરની પ્રક્રિયા હાથ ધરશે, તેમ પણ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

# ૭૦ લાખથી વધુ આબાદી ધરાવતું દેશનું પ્રથમ સ્લમ ફ્રી શહેર બનવાની દિશામાં સુરત અગ્રેસર

**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યના મુખ્યમંત્રી તરીકે મહાનગરોને સ્લમ ફ્રી બનાવવા કરેલી મહત્વકાંક્ષી પહેલોના આજે સકારાત્મક પરિણામ મળ્યાઃ પ્રવક્તા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી**



- **છેલ્લા બે દાયકામાં સુરતના ઝૂંપડપટ્ટી વિસ્તારમાં વસવાટ કરતી આબાદી ૩૮ ટકાથી ઘટીને ૫ ટકા સુધી પહોંચી**
- **મુખ્યમંત્રીશ્રીએ સુરતને રાજ્યનું પ્રથમ સ્લમ ફ્રી મહાનગર બનાવવાની દિશામાં પરિણામલક્ષી કામગીરી કરવા કેબિનેટ બેઠકમાં નિર્દેશ આપ્યો**
- **સુરતની જ તર્જ પર રાજ્યના અન્ય નગરો-મહાનગરોને પણ સ્લમ ફ્રી બનાવવાની દિશામાં કામગીરી હાથ ધરવા મુખ્યમંત્રીશ્રીએ સૂચના આપી**

કમલમ્,

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠક બાદ પ્રવકતા મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ બેઠકમાં ચર્ચાયેલા મુદ્દા અને મુખ્યમંત્રીશ્રીએ આપેલા નિર્દેશો અંગે પ્રેસ-મીડિયાના મિત્રોને માહિતગાર કર્યા હતા. મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે રાજ્યના નગરો-મહાનગરોને સ્લમ ફ્રી એટલે કે, ઝૂંપડપટ્ટી મુક્ત શહેરો બનાવવા માટે એક મહત્વકાંક્ષી પહેલ કરી હતી. વર્ષ ૨૦૦૬માં સુરતની લગભગ ૩૮ ટકા આબાદી ઝૂંપડપટ્ટીમાં વસવાટ કરતી હતી. ઝૂપડપટ્ટીમાં વસવાટ કરતા આ નાગરિકોનું જીવન ધોરણ ઊંચું લાવીને શહેરમાં સ્લમ વિસ્તાર ઘટાડવા વડાપ્રધાનશ્રીએ છેલ્લા બે દાયકામાં અનેકવિધ પ્રયાસો કર્યા છે. જેના પરિણામ સ્વરૂપે આજે સુરતમાં ઝુપડપટ્ટીમાં વસવાટ કરતા નાગરિકોની સંખ્યા ઘટીને ૫ ટકા સુધી પહોંચી છે. જેથી સુરતમાં સ્લમ વિસ્તાર લગભગ નહિવત થવાના આરે છે અને સુરત રાજ્યનું પ્રથમ સ્લમ ફ્રી મહાનગર બને તેવા સાનુકૂળ સંજોગો ઊભા થયા છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. મંત્રીશ્રીએ કહ્યું હતું કે, કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રીશ્રીએ સાનુકૂળ પરિસ્થિતિને ધ્યાને લઈને સુરત શહેરને રાજ્યનું પ્રથમ સ્લમ ફ્રી મહાનગર કેવી રીતે બનાવી શકાય તે દિશામાં ચર્ચા-વિચારણા કરીને પરિણામલક્ષી કામગીરી કરવા માટે મુખ્ય સચિવશ્રી સહિતના ઉચ્ચ સનદી અધિકારીઓને નિર્દેશ આપ્યો છે. સુરત શહેર જો આ સિદ્ધિ પ્રાપ્ત કરશે, તો સુરત ભારતનું પ્રથમ મોટું સ્લમ ફ્રી શહેર બનશે. જોકે, ચંદીગઢ દેશનું પ્રથમ ઝૂંપડપટ્ટી મુક્ત શહેર હોવાનું ગૌરવ ધરાવે છે, પરંતુ તેની વસ્તી લગભગ ૧૦ લાખ છે. જેની સરખામણીમાં, સુરતની વસ્તી આશરે ૭૦ થી ૮૦ લાખ છે, જે આ સિદ્ધિને વ્યાપ અને જટિલતાની દ્રષ્ટિએ વધુ નોંધપાત્ર બનાવશે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. બેઠકમાં મુખ્યમંત્રીશ્રીએ સુરતની જ તર્જ પર તબક્કાવાર રાજ્યના અન્ય નગરો અને મહાનગરોને પણ સ્લમ ફ્રી બનાવવાની દિશામાં અત્યારથી જ પરિણામલક્ષી કામગીરી હાથ ધરવા માટે સૂચનાઓ આપી હતી, તેમ પણ પ્રવક્તા મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

•Printer/Publisher/Owner &Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L801/1, Gidc, Sector -28, Gandhinagar •Published -At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028